ISSN: 2319-202X

# MOOC : અદ્યતન અને મુક્ત અધ્યયન

પટેલ ખુશ્બુ ડી.
પ્રશિક્ષણાર્થી : એમ.એડ્. શિક્ષણ વિભાગ, VNSGU, , સુરત.
Mo.9687883006 Email:- patelkhusbu161@gmail.com

MOOC એ Massive Open Online Course છે. આ કોર્સ દ્વારા કોઈપણ વ્યક્તિ, ગમે તે સ્થળેથી, અનુકૂળ સમયે ઉંમર અને લાયકાત જેવા નિયમોના બંધન વિના અધ્યયન કરી શકે છે. MOOC એ પરંપરાગત વર્ગખંડનું જ ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમમાં રૂપાંતર એવું કહી શકાય. વિદ્યાર્થી ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમ વડે કોર્સમાં પ્રવેશ મેળવે, શિક્ષકોના રેકોર્ડ વિડીયો લેકચર, વેબસાઈટ પર મૂકેલી માહિતી વડે અધ્યયન કરી શકે છે. ફોરમ અને ચેટ વડે પોતાની મૂંઝવણ દૂર કરી શકે છે. તેમાં ઓનલાઈન કવીઝ, સબમીશન સબમીટ કરીને, સોફ્ટવેર તથા સહઅધ્યાયીઓ(Peer Assessment)દ્વારા પરીક્ષણ કરવામાં આવે છે. આ કોર્સમાં નિશ્ચિત કરેલ સમય અને અભ્યાસક્રમ પૂર્ણ કરી પ્રમાણપત્ર અને ડીગ્રી મેળવી શકે છે. મહદઅંશે આ MOOC પ્રકારના કોર્સ નિ:શુલ્ક હોય છે. વૈશ્વિક સ્તરનું જ્ઞાન મેળવવા અને અધ્યયનની ભૂખ સંતોષવા માટે આ પ્રકારના કોર્સ આશીર્વાદરૂપ છે.

કોઈ દિવસ વિચાર્યું છે? કોઈપણ પરંપરાગત રીતે ચાલતાં વર્ગખંડમાં નિયમિત રીતે હાજર ન રહીને પણ ભણી શકાય છે. દુનિયાના કોઇપણ ખૂણે બેઠેલી વ્યક્તિ કોઇપણ દેશની યુનિવર્સિટીમાંથી મફત શિક્ષણ મેળવી શકે છે! આ વિચાર વ્યક્તિને ઉત્સુક અને આનંદિત કરી દે છે. ખરેખર એ શક્ય છે. જે શિક્ષણ માટેની સુવિધા MOOC (Massive Open Online Course) દ્વારા મળે છે.

## MOOC નો અર્થ

MOOC નું પૂરું નામ Massive Open Online Course છે. MOOCમાં પરંપરાગત શિક્ષણમાં વિવિધ અભ્યાસક્રમો ચાલે છે તેજ સ્વરૂપે અભ્યાસક્રમો ઈન્ટરનેટ પર ઓનલાઈન ચલાવવામાં આવે છે અને ખાસ કરીને આ કોર્સમાં જોડાવાનું નિ:શુલ્ક હોય છે.

**MOOC નો ઉદ્ભવ અને ઈતિહાસ**

MOOC ની શરૂઆત કેનેડામાં થઈ હોવાનું માનવામાં આવે છે. Dave Cormier અને Bryan Alexander દ્વારા આ શબ્દને પ્રચલિત કરવામાં આવ્યો હતો. આ શબ્દ સૌ પ્રથમ Manitoba યુનિવર્સિટીના જ્યોર્જ સીમેન અને સ્ટીફન દ્વારા બનાવેલ કોર્ષ માટે વપરાયો હતો. (જાડેજા,૨૦૧૬)

અમેરિકાની વિશ્વવિખ્યાત એવી મેસેસ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT) દ્વારા વર્ષ ૨૦૦૧માં ઓપન કોર્સવેર અંતર્ગત ચાલતા વિવિધ કોર્સને સહુકોઈના માટે ઈન્ટરનેટ પર નિ:શુલ્ક મૂકવામાં આવ્યા. ત્યારબાદ તેમાં વિશ્વની ઘણી બધી પ્રખ્યાત યુનિવર્સિટીઓ જોડાઈ. આમ, કોર્સ ઓનલાઈન માધ્યમે શરૂ થયો. આ ચળવળથી MOOC પ્રચલિત થયો.

ઉદા. મુજબ આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સના એક કોર્સમાં MOOCમાં જોડાનાર વિદ્યાર્થીની સંખ્યા ઈ.સ. ૨૦૧૧માં ૧૬૦૦૦૦ કરતાં પણ વધી ગઈ હતી. આ કોર્સ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવ્યો હતો. (માલી,૨૦૧૫)

**MOOC દ્વારા અધ્યયન**

પરંપરાગત વર્ગખંડમાં વિદ્યાર્થી જેમ જ MOOCના અધ્યયનમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરવાનું હોય છે. વિદ્યાર્થી અભ્યાસક્રમ પ્રમાણે શિક્ષકોના વિડીયો લેકચર, લિંક વડે વેબસાઈટ પર મૂકેલી અધ્યાપન સામગ્રીને વાંચી, સાંભળી, જોઈને સ્વગતિએ અધ્યયન કરે છે. અધ્યયન દરમિયાન અનુભવતી મૂંઝવણ ફોરમ, ચેટ કે ચોક્કસ સમયે ગોઠવેલા હેંગઆઉટ વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રત્યાયન કરી દૂર કરે છે.

આ કોર્સમાં નક્કી કરેલ એકમ બાદ અને કોર્સ પૂર્ણ થતાં ઓનલાઈન ક્વિઝ, એસાઈમેન્ટ સબમિટ કરવાના હોય છે. જેનું પરીક્ષણ સોફ્ટવેરથી અને સહાધ્યાયી(Peer Assessment)ઓ દ્વારા થાય છે. આ રીતે નિશ્ચિત કરેલા સમયગાળા સુધી ઓનલાઈન લર્નિંગ કરે, સબમીશન પૂર્ણ કરે, ફોરમમાં સક્રિય રહીને પ્રત્યાયન કરે તથા ઓનલાઈન કસોટી અને ક્વિઝ દ્વારા મેળવેલા ગુણ આ તમામને આધારે કોર્સ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મળે છે. આ રીતે વિદ્યાર્થી MOOC વડે અધ્યયન કરી શકે છે. આ કોર્સમાં શિક્ષકની ભૂમિકા સંચાલક તરીકેની હોય

છે. શિક્ષક તમામ કાર્યનું નિયંત્રણ રાખી શકે છે. વિદ્યાર્થીઓ ફોરમમાં ચર્ચા કરે, સાચાં ઉત્તરો આપે અને જરૂરી મદદ પૂરી પાડે છે.

**MOOC ની લાક્ષણિકતાઓ**

**(૧) Massive (વિશાળ) :**

MOOC માં અભ્યાસ માટે જોડાનાર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વિશાળ હોય છે. MOOC પ્રકારના ઓનલાઈન કોર્સમાં વિશ્વનાં કોઈપણ ખૂણે બેઠેલો, કોઈપણ ઉંમરનો, કોઈપણ શૈક્ષણિક યોગ્યતા ધરાવતો વિદ્યાર્થી આ કોર્સમાં જોડાઈ શકે છે. ઘણાં કોર્સમાં જોડાનાર વિદ્યાર્થીની સંખ્યા લાખોની હોય છે. મેસીવ અર્થાત: જેમાં મોટો સમુદાય,સમૂહ જોડાય તે.

**(૨) Open (મુક્ત / સાર્વજનિક) :**

આ કોર્સ સાર્વજનિક છે. આ પ્રકારના કોર્સમાં કોઈ ફી કે અઘરાં નિયમો હોતા નથી. કોર્સમાં જોડાનાર સહુકોઈ અભ્યાસ સામગ્રીનો નિ:શુલ્ક ઉપયોગ કરી શકે છે. અમુક પ્રકારના MOOCમાં નજીવી ફી હોઈ શકે છે અને નજીવી ફી મેળવી પ્રમાણપત્ર મેળવી શકાય છે.

**(૩) Online (ઓનલાઈન / ઈન્ટરનેટના માધ્યમ વડે) :**

MOOC એ ઓનલાઈન કોર્સ છે.તેમાં અધ્યયન કરવા માટે ઈન્ટરનેટ હોવું અનિવાર્ય છે. આ કોર્સમાં પ્રવેશથી લઈને પરીક્ષા જેવી તમામ પ્રક્રિયા ઈન્ટરનેટ દ્વારા જ થાય છે.વિશ્વમાં કોઈપણ દેશના વિદ્યાર્થી ઘરે બેઠા, અન્ય દેશની યુનિવર્સિટીમાં અધ્યયન કરી શકે છે. વિદ્યાર્થી ગમે તે વ્યવસાય કે રોજિંદા કાર્યોમાં વ્યસ્ત હોય તો પણ અનુકૂળ સમયે, ગમે તે સ્થળેથી અધ્યયન શકે છે.

**(૪) Course (કોર્સ / અધ્યાપન કાર્યનો અભિગમ) :**

MOOCની રચનામાં અભ્યાસક્રમ હોય છે. આ કોર્સ શરૂ થવાનો અને પૂર્ણ થવાનો ચોક્કસ સમય અને તારીખ હોય છે. ઘણાં કોર્સમાં એવું હોતું નથી.અધ્યયન માટે વિડિયો લેકચર, ઓડિયો, ચિત્રો, માહિતી લખાણ સ્વરૂપે કે PPT વગેરેનો સમાવેશ થાય છે. અભ્યાસ દરમિયાન નિશ્ચિત વિષયવસ્તુના કે અભ્યાસના અંતે એસાઈમેન્ટ ઓનલાઈન જ સબમિટ કરવાના હોય છે. વૈશ્વિક વર્ગખંડમાં અભ્યાસ કરતા સહાધ્યાયીઓ સાથે ચર્ચા, વિવિધ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ

કાર્ય, અભ્યાસનો સમયગાળો, મૂલ્યાંકન તેમજ પ્રમાણપત્રક આ તમામ MOOCપ્રકારના કોર્સના ઘટકો છે.

(૫) Distributed (વિતરિત):

MOOCની આ મહત્ત્વની લાક્ષણિકતા છે. આ પ્રકારના કોર્સમાં અધ્યયન માટેના વિષયવસ્તુ તરીકે લખાણ, ચિત્ર, વિડીયો તથા કોર્સમાં વિદ્યાર્થીએ અપલોડ કરેલ સબમીશનની ફાઈલ શેરીંગ વેબસાઈટ પર અપલોડ કરી MOOCની વેબસાઈટ પર લિંક મૂકવામાં આવે છે. તેનો સંગ્રહ કરવા અન્ય વેબસાઈટ કે સોફ્ટવેરનો ઉપયોગ થાય છે. જેથી વેબસર્વર ઉપર વધારાનું ભારણ ટાળી શકાય છે. ઉદા. તરીકે, MOOCમાં મોટાભાગે શિક્ષણકાર્ય અધ્યાપકોના રેકોર્ડ કરેલાં વિડીયો લેકચર દ્વારા થાય છે. આ લેકચરના વિડીયો MOOCના સર્વરને બદલે કોઈ વિડીયો શેરીંગ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવે છે.દા.ત. http://www.youtube.com પર અપલોડ કરી MOOCની અંદર તેની લિંક મૂકવામાં આવે છે. આમ, અભ્યાસક્રમનું વિષયવસ્તુ ઈન્ટરનેટની વિવિધ વેબસાઈટ ઉપર વિતરિત થયેલું કે વહેચાયેલું હોય છે.

**MOOC ના પ્રકારો**

MOOC ના બંધારણ, કૉર્સની રજૂઆત, માધ્યમ તથા અન્ય બાબતોને કારણે MOOC ના કેટલાંક પ્રકાર પડે છે. આ પ્રકારોમાં xMOOC, cMOOC અને quasi–MOOCs છે. આ ઉપરાંત special online courses SPOc પણ એક પ્રકાર છે જે ઓનલાઈન કોર્સ છે પણ તે open(સાર્વજનિક/મુક્ત) નથી.

**MOOC નો ઉપયોગ**

MOOC માટે ભારત સરકારના MHRDનો એક પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જે અંતર્ગત ભારતની શિક્ષણ સંસ્થાઓ પ્રાદેશિક ભાષામાં MOOCની રચના કરી શકે તે માટે SWAYAM (Study Webs of Active – Learning for Young Aspiring Minds) નામની વેબસાઈટ પૂરી પાડે છેતથા MOOC માટેનાં સોફ્ટવેરનું કાર્ય IIT–Bombay દ્વારા હાથ ધરાયું હતું. આ યોજનાની જાહેરાત માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓગષ્ટ, ૨૦૧૪માં કરવામાં આવી હતી.

જયારે અન્ય વૈશ્વિક સ્તરના જ્ઞાન માટે ખ્યાતનામ યુનિવર્સિટી MIT, હાર્વર્ડ યુનિવર્સિટી, કોલંબિયા યુનિવર્સિટી અને અન્ય ઘણી યુનિવર્સિટીઓ MOOC માટેની વેબસાઈટ અને સોફ્ટવેર પૂરા પાડે છે. edx(http://www.edx.org), coursera(http://www.coursera.org), udacity ખૂબ જ જાણીતા પ્લેટફોર્મ છે. જયારે અન્ય NPTEL, Stanford Online, xuetangt, Futurelearm, Alison વગેરે પણ MOOC માટેની સુવિધાઓ પૂરી પાડે છે. આ વેબસાઈટ નવા શરૂ થતાં કોર્સની વિગતો ઈ–મેઈલ મારફતે આપતી રહે છે.

**MOOC ના ફાયદાઓ**

- MOOC દ્વારા અધ્યયન માટે કોઈ સ્થળ કે સમયનું બંધન નથી.
- સ્વઅધ્યયન કરતાં વિદ્યાર્થીઓને સ્વગતિએ, એકથી વધુ વખત અધ્યયન કરી શકે છે તથા ફોરમમાં ચર્ચા કરીને મૂંઝવણ દૂર કરી શકાય છે.
- અધ્યયન અધ્યાપનમાં વૈવિધ્યતા મળી રહે છે. કૌશલ્યના વિકાસ માટે, જ્ઞાનના સમૃદ્ધિકરણ MOOC બાપાની લાકડી સમાન છે.
- પરંપરાગત વર્ગખંડમાં જોડાઈ ન શકે એવાં લોકો માટે વ્યવસાય સાથે પણ શિક્ષણ મેળવવું શક્ય બને છે.
- આજનાં સ્પર્ધાત્મક યુગમાં સતત અધ્યયન કરવા માટે MOOC મદદરૂપ થઈ શકે છે. તથા MOOC નાણાંકીય દૃષ્ટિએ નહીવત ખર્ચાળ છે.
- વિશ્વસ્તરનું અદ્યતન જ્ઞાન, વિશ્વસ્તરના તજજ્ઞો, વૈશ્વિક સ્તરે ગ્રુપડિસ્કશન, વૈશ્વિક સંસ્થામાં અધ્યયનની તક MOOC દ્વારા શક્ય બને છે.

**MOOC ની મર્યાદા**

ભૌતિક સાધન સામગ્રીનો અભાવ હોય તથા ICTના કૌશલ્યોનો ઉપયોગ કરવાની ક્ષમતા ન ધરાવનાર વ્યક્તિઓ MOOC માં જોડાય શકે નહિ. આ કોર્સ વૈશ્વિક સ્તરે હોવાથી અધ્યયનમાં ભાષાકીય રીતે પણ મર્યાદાઓ રહેલી છે. આ કોર્સમાં વ્યક્તિગત પ્રતિપોષણ મળતું નથી.

ISSN: 2319-202X

**ઉપસંહાર**

વ્યવસાય સાથે જ્ઞાન મેળવવા, વૈશ્વિક ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવા MOOC એ અગત્યની ભૂમિકા ભજવે છે. આ કોર્સ માટે અતિગંભીર બાબત એ છે કે ઘણાં લોકો કોર્સમાં જોડાય છે પણ મોટાભાગના લોકો તે પૂર્ણ કરતાં નથી. તેનું કારણ એ પણ હોય શકે કે કોર્સ શરૂ થતા પહેલાં કોર્સ કેટલો જરૂરી છે, અધ્યેતાની અપેક્ષા મુજબનો છે કે કેમ? તે જાણવામાં મર્યાદાઓ રહેલી છે.આ કોર્સમાં નિશ્ચિત સમયની પૂરેપૂરી હાજરી અને દરેક એકમનું પૂર્ણ અધ્યયન કરવામાં આવે તો વિદ્યાર્થી ગુણવત્તા સભર જ્ઞાન પ્રાપ્ત કરી, અધ્યયનની ભૂખ સંતોષી શકે છે.

**સંદર્ભ**

માલી, એ.(૨૦૧૫). ICTની વિવેચનાત્મક સમજ.(પ્રથમ આવૃત્તિ).અમદાવાદ: અમોલ પ્રકાશન.

પટેલ, આર.(૨૦૧૦). સંશોધનની પાયાની સંકલ્પનાઓ.(પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: જય પબ્લીકેશન.

શુક્લા, એસ.(૨૦૧૭). ICTની વિવેચનાત્મક સમજ. (બીજી આવૃત્તિ). અમદાવાદ: ક્ષિતી પબ્લીકેશન.

શાહ, આર.(૨૦૧૨). MOOC: અધતન અધ્યયન. Knowledge Consortium of Gujarat.(૧૪).

http://desarrolloweb.dlsi.ua.es/moocs/what-is-a-mooc

https://knowledgelover.com/best-mooc-massive-open-online-course-providers-list/

http://www.irrodl.org/index.php/irrodl/article/view/1046/2043

https://www.nopaymba.com/pay-verified-statement-accomplishment-mooc-update/

“**શિક્ષણ દર્શન**” માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે, સુભાનપુરા, **વડોદરા-** ૩૯૦૦૨૩

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

૩ વર્ષનું લવાજમ –૩૩૦ **રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**